Divya Bhaskar, G'nagar Date : 11.06.2019, Page 04

## મોટેરાથી મહાત્મા મંદિર સુધી 22.84 કિ.મીના રૂટ પર 20 સ્ટેશન આવશે

# ગાંધીનગરમાં મેટ્રોરેલ માટે સોઈલ ટેસ્ટિંગની કામગીરીનો આરંભ થયો

**ગાંધીનગર|અમદાવાદ-ગાંધીનગર વચ્ચેના 28.26 કિ.મીના ફેઝ-2 મેટ્રો પ્રોજેક્ટને કેન્દ્રિય કેબિનેટ દ્વારા ફેબ્રુઆરી માસમાં મંજૂરીની મહોર મરાઈ હતી. ત્યારે હવે આ રૂટ માટેની પ્રાથમિક કામગીરીનો પ્રારંભ ગાંધીનગરમાં કરાયો છે. જેના કારણે પાટનગરવાસીઓમા આનંદ જોવા મળી રહ્યો છે.**

## યોજના માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા 50-50 ટકા ખર્ચ ઉપાડવામાં આવશે

શહેરમાં ઘ-5થી ચ-5 વચ્ચે સોઈલ ટેસ્ટની કામગીરી ચાલી રહી છે. મોટેરાથી મહાત્મા મંદિરના 22.84 કિ.મીના કોરિડોર અને GNLUથી ગિફ્ટસિટીના 5.42 કિ.મીના કોરિડોર માટે કુલ 5,553 કરોડના ખર્ચનો અંદાજ રાખવામા આવ્યો છે.

મેટ્રોના ફેઝ-2માં મહત્વની શૈક્ષણિક સંસ્થાઓ અને જાહેર સ્થળોને જોડતા રૂટ ઉપર મેટ્રો દોડશે. જેમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સીટી, પીડીપીયુ, ઈન્ફોસીટી, ગિફ્ટ સીટી, અક્ષરધામ, સચિવાલય અને અક્ષરધામનો સમાવેશ થાય છે. મેટ્રોના ફેઝ-2માં બે કોરિડોરમાં કુલ 22 સ્ટેશનો હશે. આ પ્રોજેક્ટમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા 50-50 ટકા ખર્ચ ઉપાડવામાં આવશે.

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેના 28.26 કિ.મીના ફેઝ-2 મેટ્રો પ્રોજેક્ટને કેન્દ્રિય કેબિનેટ દ્વારા ફેબ્રુઆરી માસમાં મંજૂરીની મહોર મરાઈ હતી. ત્યારે હવે આ રૂટ માટેની પ્રાથમિક કામગીરીનો પ્રારંભ ગાંધીનગરમાં કરાયો છે.

અત્રે ઉલ્લેખ્નીય છે કે ગાંધીનગર અને અમદાવાદને મેટ્રો રેલ સેવાથી સાંકળીને આ આ અંગે લોકોને સારી સુવિધા મળી શકે તે માટે તંત્ર દ્વારા આયોજન કરવામા આવ્યુ છે. અમદાવાદની જેમ હવે ગાંધીનગરમા પણ મેટ્રો ટ્રેન સેવા શરૂ થાય તે માટે સોઈલ ટેસ્ટીંગ કામગીરીનો આરંભ થયો છે.

### મોટેરાથી મહાત્મા મંદિરનો રૂટ

મોટેરાથી કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, જુના કોબા, કોબાગામ, જીએનએલયુ, રાયસણ, રાંદેસણ, ધોળાકુવા સર્કલ, ઈન્ફોસિટી, સેક્ટર-1, સેક્ટર-10એ, સચિવાલય, અક્ષરધામ, જુના સચિવાયલ, સેક્ટર-16, સેક્ટર-24, મહાત્મા મંદિર

### GNLUથી ગિફ્ટસિટીનો 5.42 કિ.મી રૂટ

જીએનએલયુ, પીડીપીયુ તથા ગિફ્ટ સિટી.

**પાટનગરમાં મેટ્રો રેલ માટે સોઈલ ટેસ્ટ શરૂ**



ધીનગર રોડ નંબર 5 પર મેટ્રો રેલની કામગીરી પહેલાં સોઈલ ટેસ્ટિંગની કામગીરી શરૂ કરવામા આવી છે.